હિંમતનગર તસ્કરોએ તળખાટ મચાવ્યો

ત્રણ બંધ મકાનના તાળા તોડી ૧૨ તોલા સોનું અને રૂા. ૭૯ હજાર રોકડ ચોરી ગયા : ત્રણે પરિવારો મકાન બંધ કરી વિસનગર સમૂહલગ્નમાં ગયા હતા

હિંમતનગર, તા. ૨૫

હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનની બીલકુલ પાછળ આવેલા મહેબુબ પાર્કમાં ત્રણ બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવી મકાનના તાળા તોડી અંદરથી કબાટ અને તિજારીમાંથી ૧૨ તોલા સોનાના દાગીના તેમજ રૂા. ૭૯ હજાર રોકડની ચોરી કરી ફરાર થઈ ગયા હતાં. ત્રણે પરિવારો રવિવારે મકાન બંધ કરીને વિસનગર ખાતે સમૂહલગ્નમાં ગયા હતા.

વિધાન સભાની ચૂંટણીમાં પોલીસ અધિકારીઓએ કાર્યકર બની કામ કરતાં લોકોમાં ટીકા પાત્ર બન્યા હતા. કાર્યકર બનવા છતાં ૭ બેઠકોમાંથી ભાજપને માત્ર એક બેઠક મળતાં કાર્યકર બનેલા પોલીસ અધિકારીઓ ક્ષોભ જનક સ્થિતિમાં મુકાઈ જવાની સાથે સદમામાં આવી ગયા છે. જેનો લાભ છેલ્લા કેટલાક દિવસોથી તસ્કરો ઉઠાવી ઘરફોડ ચોરીઓને અંજામ આપી રહ્યા છે.

હિંમતનગરને અડીને આવેલા પરબડા ગામે બંધ મકાનનો નકુચો તોડી સોના-ચાંદીના દાગીના સહિત આઠ લાખની ચોરી થયાનો ભેદ ઉકેલાયો નથી ત્યાં સવગઢ ખાતે આવેલ ગ્રામ્ય પોલીસ સ્ટેશનની બિલકુલ પાછળ તસ્કરોએ ત્રણ મકાનના તાળા તોડી ૧૨ તોલા સોનાના દાગીના, ૫૦૦ ગ્રામ ચાંદીના દાગીના અને રૂા. ૭૯ હજાર રોકડની ચોરી કરી લોકોની ઊંઘ હરામ કરી દીધી છે. ચોરીના બનાવની વિગત અનુસાર હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનની પાછળ આવેલા મહેબુહ પાર્કમાં રહેતા અહેમદભાઈ નબીભાઈ મનસુરી, નિયાઝમહમદ અબ્બાસભાઈ મનસુરી અને ઈમ્તીયાઝભાઈ અલીભાઈ મનસુરી પોતાના પરિવાર સાથે રવિવારે વિસનગર ખાતે સમુહલગ્નમાં ગયા હતાં.

ત્યારે રાત્રે તસ્કરોએ ત્રણે મકાનના તાળા તોડી અહેમદભાઈ મનસુરીના મકાનમાંથી ૫૭ હજાર રોકડ તેમજ સોનાનું લોકેટ, ૬ વીંટી તેમજ ચાંદીના ઝાંઝરી અને લકી તેમજ નિયાઝ મહમંદ મનસુરીના મકાનમાંથી સોનાનું લોકેટ, સોનાની ચેઈન-૨, વીટીં-૧૦નંગ તેમજ ચાંદીના છડાં અને લકી તેમજ રૂા. ૧૫ હજાર રોકડ જ્યારે ઈમ્તીહાઝ મનસુરીના મકાનમાંથી રૂા. ૭ હજાર રોકડ, સોનાની વીંટી અને ચાંદીની લકીની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. પોલીસ સ્ટેશનની પાછળ જ ત્રણ ચોરી થયાનું જાણી પોલીસ દોડી આવી હતી. અને ડૉગ સ્કૉડ અને એફએસએલની ટીમ બોલાવી ચોરીનું પગેરૂ મેળવવાનો પ્રયાસ હાથ ધર્યા હતા.

અત્રેએ યાદ આપવું જરૂરી છે કે હિંમતનગર શહેર અને તેના આસપાસના વિસ્તારોમાં છેલ્લાં ઘણા સમયથી તસ્કરો તળખળાટ મચાવીરહ્યાં છે. પરંતુ કમનસીબ બાબત તો એ છે કે એક પણ ચોરીનો ભેદ પોલીસ ઉકેલી શકી નથી. જેને લઈ પોલીસ સામે લોકોમાં રોષ પ્રવર્તિ રહ્યો છે.

પ્રાંતિજના મુખ્ય બજારમાં સ્થિત પૌરાણિક સ્વામીનારાયણ મંદિર ખાતે ભકતો દ્વારા ભવ્ય સાકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં હજારો શ્રદ્ધાળુઓએ દર્શન પ્રસાદનો લાભ લીધો હતો. (તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

હિંમતનગર અને -તિજ તાલુકામાં આજે રાષ્ટ્રિય ગ્રાહક અધિકાર દિનની ઉજવણી કરવામાં આવી હતી. વિર્ધાથીઓએ રેલી સ્વરૂપે લોકોમાં જાગૃતિ લાવવા -યાસ કર્યો હતો. આ -સંગે હિંમતનગર તોલ માપ કચેરીના મદદનીશ નિયામકએ મુખ્ય મહેમાનપદેથી જણાવ્યું હતું કે, ગ્રાહકોને -નથમિક જરૂરિયાતો -ાપ્ત કરવાનો -સંદગીનો, માહિતી મેળવવાનો, સુરક્ષાનો, રજુઆતનો, ફરીયાદના ઉકેલનો ગ્રાહક શિક્ષણનો તથા આરોગ્ય-દ પર્યાવરણ મેળવવાનો અધિકાર છે. જાગો ગ્રાહક જાગો જાગૃતિ એ જ સલામતિ છે એમ વિસ્તૃત છણાવટ કરતાં નિનામાએ વધુમાં જણાવ્યું કે, ગ્રાહકોએ ફરજો -ત્યે પણ સભાન રહેવું જોઈએ, ગ્રાહકોએ ખરીદીમાં છેતરાતા બચવું, બિલ/રસીદ લેવાનો આગ્રહ રાખવો, વજન માપ, ગુણવત્તા તથા કિંમત જાણીને વસ્તુ ખરીદવી, ખરીદતાં પહેલાં ભાવ-તાલ કરવાનો આગ્રહ રાખવો જોઈએ. કોઈ ખરીદી બાબતે તકરાર થાય તો જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં ફરીયાદ દાખલ કરવી જોઈએ તેમજ ગ્રાહકો માટે (ટોલ ફ્રી) હેલ્પ લાઈન નંબર-૧૮૦૦-૨૩૩-૦૨૨૨ છે. તેમાં ફરીયાદ કરી શકાય છે. હિંમતનગર ખાતે જિલ્લા પુરવઠા અધિકારી ડી.આર. જાની અને ચીફ સપ્લાય ઈન્સ. જયંતિભાઈ ચૌહાણની રાહબરી હેઠળ ગ્રાહક અધિકાર દિનની ઉજવણી કરવામાં આવી હતી. (તસ્વીરઃ- મગન વણજારા, હિંમતનગર)

હિંમતનગર ખાતે ૨૪મો પેન્શન ડે મહોત્સવ યોજાશે

હિંમતનગર, તા. ૨૫

સાબરકાંઠા જિલ્લા નિવૃત્ત કર્મચારી મંડળ અને હિંમતનગર તાલુકા કર્મચારી મંડળ આયોજિત ૨૪મો પેન્શન ડે મહોત્સવ આગામી તા. ૩૦મી ડિસેમ્બર, ૨૦૧૨ ને રવિવારના રોજ સવારે ૯કલાકે મોડાસિયા કડવા પાટીદાર સમાજવાડી, સહકારી જીન નજીક, શામળાજી હાઈવે, હિંમતનગર ખાતે યોજાશે.

આ મહોત્સવમાં સમારંભના પ્રમુખ પદે ગુજરાત સ્ટેટ પેન્શનર ફેડરેશનના પ્રમુખ ધનજીભાઈ પટેલ, ઉદ્‌ઘાટક પદે એન આઈ પટેલ ઉપસ્થિત રહેશે. આશીર્વચન પાઠવવા સંત શિરોમણી નરસિંહદાદા, મુખ્ય મહેમાન પદે સી જી રાણા, ડૉ. દિનેશભાઈ પટેલ, વિનોદભાઈ શાહ, જ્યોતિબેન સોલંકી વગેરે ઉપસ્થિત રહેશે. ઉજવણી મહોત્સવમાં સહભાગી થવા જિલ્લાના તમામ નિવૃત્ત કર્મચારી પેન્શનર ભાઈ, બહેનોને આયોજકોએ આમંત્રણ પાઠવ્યું છે.

ધનસુરામાં મોડાસા બેઠકના વિજયી ઉમેદવારનો સત્કાર સમારંભ યોજાયો

ધનસુરા, તા. ૨૫

ગુજરાત વિધાનસભા ચૂંટણીનું પરિણામ આવી ગયું છે ત્યારે મોડાસા વિધાનસભાની બેઠક ઉપરથી ધનસુરા તાલુકના ગુર્જરી ગામના ઠાકોર અને યુવા નેતા એવા રાજેન્દ્રસિંહ શિવસિંહ ઠાકોર જેવા કોંગ્રેસના ઉમેદવાર વિજયી થયા હતા તેમનો સત્કારસમારંભ ધનસુરા ગ્રામ પંચાયતના સરપંચ ત્રિવેણીબેન પટેલના નિવાસસ્થાને યોજાયો હતો.

આ પ્રસંગે સરપંચ ત્રિવેણીબેને ફુલહારથી તેમનું સ્વાગત કરીસન્માન કરયું હતું. આ પ્સંગે ગ્રામ પંચાયતના સદસ્યો ગામના કોંગ્રેસના અગ્રી કાર્યકરો વિરોધ પક્ષના નેતા અરવિંદભાઈ પટેલ, શહેર કોંગ્રેસ પ્રમુખ વિરમભાઈ પટેલ, બાબુભાઈ સંઘવી, દેવજીબાપા, નરેન્દ્ર પટેલ, પંકજ પટે તેમજ ગામના અન્ય કોંગ્રેસી કાર્યકરોએ ઉસ્થિત રહી વિજયી ઉમેદવારને પુષ્પ ગુચ્છથી સ્વાગત કર્યું હતું. આ સત્કાર સમારંભનું સુંદર આયોજન મુકેશભાઈ પટેલ અને સુરેશભાઈ પટેલે કર્યું હતું.

કાંકરેજ તાલુકામાં ખુલ્લેઆમ ચાલતા વરલી જુગાર

દેશી-વિદેશી દારૂના અડ્ડા પોલીસને દેખાતા નથી

કાંકરેજ, તા. ૨૫

દિલ્હીમાં ગેંગ રેપના પડઘા ગુજરાતના નગરોમાં પણ પડયા છે છતાં સરકાર કે ગૃહખાતા દ્વારા મોડી રાત્રે ને સવારે સાડા પાંચના ચાલતા ટયુશન કલાસો બાબતે કંઈ થતું નથી ત્યારે વડોદરા આઈ.જી.એ. ગુજરાત સરકારને એકટ્રીપ આપી છતાં ઉત્સવઘેલી બનેલી સરકારના કાને આ વાત ગંભીરતાથી લીધી નથી તો બીજી તરફ બનાસકાંઠા જિલ્લા પોલીસ વડા અશોક યાદવ કેફી દ્રવ્યોની હેરાફેરી તથા વેચાણ બાબતે શરૂઆતમાં કડકાઈ બતાવી પરંતુ આજકાલ કાંકરેજ તાલુકામાં જે રીતે વરલી જુગાર દેશી-વિદશી દારૂના અડ્ડાઓ નગરપાલિકા-ગ્રામપંચાયતોની હદમાં શાળા-કોલેજો, સોસાયટી વિસ્તારમાં ખુલ્લેઆમ ચાલી રહ્યા છે તેનાથી પ્રજા ત્રાહીમામ પોકારી ગઈ છે. આ બાબતની અનેકવાર લેખિત મૌખિક ફરિયાદો સ્થાનિક પોલીસને કરવા છતાં કોઈ જ અસર નહીં થતાં લોકો હવે ફરિયાદ કરવાનું ટાળી રહ્યા છે. કાંકરેજ તાલુકાના થરા-શિહોરી પોલિસ સ્ટેશન તથા આઉટ પોસ્ટ પોલિસ સ્ટેશન વિસ્તારમાં આ બદી એટલી બધી વકરી છે કે લબરમુછીયા આ બદીના ભરડામાં આવી રહ્યા છે. શાળા કોલેજ પાસે લુખ્ખા તત્વો દારૂડીયાના ત્રાસથી વાલીઓ પોતાની છોકરીઓને શાળાએ મુકતા પણ ગભરાઈ રહ્યા છે. જિલ્લા પોલિસ વડા તથા જિલ્લા એલ.સી.બી., નશાબંધી ખાતાને કાંકરેજ તાલુકામાં બેફામ ચાલતા વરલી જુગાર દેશી-વિદેશી દારૂના અડ્ડાઓની બાતમી નથી મળતી કે પછી લક્ષ્મીજી ને રાજકારણનું દબાણ અહીં વધુ રહે છે ? જિલ્લા પોલિસ વડા અશોક યાદવ કાંકરેજ તાલુકામાં શાળા-કોલેજ, બસ સ્ટેશન, સોસાયટી, શાકમાર્કેટ યાર્ડ વિસ્તારમાં જાહેરમાં ચાલતા આવા વરલી જુગાર દેશી-વિદેશી દારૂના અડ્ડાની સાચી તપાસ કરાવી આ બદી ચલાવતા ઈસમો અને તેની સાથે સંકળાયેલ ખાખી વર્ધી ઝબ્બે કરી કાંકરેજ તાલુકાની પ્રજાને શાંતિનો સંદેશ ૨૦૧૨ના નવા વર્ષનો આપશે ખરું? કાંકરેજની પ્રજાનો એક જ સૂર જાહેરમાં ચાલતા વરલી જુગાર દેશી-વિદેશી દારૂના અડ્ડા બંધ કરાવો. જવાબદાર પોલીસ સામેપગલાંભરો, થરા, વડા, દુગરાસણ, ખારીયા, દેવદરબાર બસ સ્ટેન્ડ, ઉંબરી તથા આજુબાજુના વિસ્તારોમાં આ બદીએ ભારે માઝા મુકી છે.

ધનસુરામાં તસ્કરોનો તરખાટ

૩ મકાનના તાળા તોડી ૭૫ હજારની મત્તા લઈ ફરાર

ધનસુરા, તા. ૨૫

શિયાળાની ઠંડીના ચમકારા વધતા હાલ તસ્કરોને ચાંદી-ચાંદી થઈ ગઈ છે અને ચો તરફ મોકળું મેદાન મળી ગયું ત્યારે તસ્કર ટોળકીએ ઠંડી અને અંધારાનો લાભ લઈ ધનસુરાના વડાગામ નજીક આવેલી એક સોસાયટીના ૩ બંધ મકાનના તાળા તોડી તિજોરીમાં પડેલા દાગીના અને ૭૦ હજારની રોકડ લઈ પલાયન થઈ ગયા હતા. આ અંગે પોલીસે ચોરીનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર સાબરકાંઠા જિલ્લાના ધનસુરા તાલુકામાં આવેલ વડાગામ માર્ગ પર સ્થિત ગાયત્રી સોસાયટીના બે બંધ મકાનને પોતાનું નિશાન બનાવ્યું હતું અને મકાનની અંદર પ્રવેશ કર્યો પરંતુ મકાન માલિક જાગી જતાં તસ્કરો ઉભી પૂંછડીએ ભાગ્યા હતા અને નજીકની અન્ય એક ઘનશ્યામ નગરમાં આવેલ અરવિંદભાઈ પટેલના બંધ મકાનનું તાળું તોડી તેમાં પ્રવેશ કર્યો હતો અને તિજારીની અંદર પડેલા સોના ચાંદીના દાગીના અને રોકડ સહિત અંદાજે રૂ. ૭૦હજારની મત્તાની ઉઠાંતરી કરી પલાયન થઈ ગયા હતા. આ મામલે ધનસુરા પોલીસ મથકમાં જાણ થતા પોલીસે તાત્કાલિક ઘટના સ્થળે આવી ગુનો નોંધી તસ્કરોની શોધખોળ હાથ ધરી છે.

પાટણ-નાસિક રૂટની બસમાંથી ઊંઝા પોલીસે શંકાસ્પદ ઘીના ૨૯ કાર્ટુન ઝડપ્યા

ઊંઝા, તા.૨૫

પાટણ-નાસિક રૂટની એસ.ટી. બસમાં પાટણથી પાર્સલ તરીકે સુરત તથા મુંબઈ જઈ રહેલ શંકાસ્પદ ઘી ના ૨૯ કાર્ટુન ઊંઝા પોલીસે કબજે કરી આ બાબતે ખોરાક અને ઔષધ નિયમન તંત્રના અધિકારીઓને જાણ કરતા તેઓએ આ મામલે તજવીજ હાથ ધરી છે.

આજે બપોરે પાટણથી નાસિક જતી ગુજરાત એસ.ટી. બસની બસ નં.જી.જે. ૧૮ વાય ૪૮૮૩માં પાટણથી પાર્સલમાં સુરત અને મુંબઈ જતા ઘીના ૨૯ કાર્ટુનમાં ૫ અને ૧૫ કિલો વજનના ટીનમાં ભરેલ ઘી શંકાસ્પદ હોવાની માહિતી એક વ્યક્તિએ ઊંઝા પોલીસને આપતાં પોલીસે ઊંઝા બસ સ્ટેશનેથી સદર બસમાં રહેલ શંકાસ્પદ ઘીના પાર્સલ કબજે કર્યા હતા. કબજે કરાયેલ શંકાસ્પદ ઘી અસલી છે કે નકલી એની તપાસ થાય તે માટે ખોરાક અને ઔષધ નિયમન તંત્રના અધિકારીઓને જાણ કરી હતી. હાલ પોલીસે જાણવા જોગ નોંધ કરી તપાસ આરંભી છે. ઘીના નમૂનાની લેબોરેટરીમાં ચકાસણી થયેથી તેનો સાચો રીપોર્ટ બહાર આવશે.

પાલનપુર શહેર ભાજપ સંગઠન કોમામાં ધકેલાયું

પાલનપુર, તા.૨૫

ભાજપના ગઢ ગણાતા પાલનપુરમાં ૨૭ વર્ષ બાદ વિધાનસભાનો ગઢ કોંગ્રેસે છીનવી લેતાં શહેર ભાજપ સંગઠન કોમામાં જતું રહ્યું છે.

દેશ અને ભાજપના ટોચના અગ્રણી અટલ બિહારી બાજપેયીજીના આજે ૮૮માં જન્મદિને જિલ્લા કે શહેર ભાજપ સંગઠન દ્વારા કોઈ જ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું નહોતું. પ્રતિ વર્ષ હોસ્પિટલમાં ફ્રુટ વિતરણ તેમજ કાર્યકર્તાઓ સમક્ષ અટલજીના જીવન વિશે પ્રવચનો યોજાતા હતા. જ્યારે આ વર્ષે પાર્ટી દ્વારા અટલજીને યાદ ન કરાતાં કાર્યકર્તાઓમાં ચર્ચાસ્પદ ઘટના બની હતી.

સમગ્ર દેશમાં ૨૪મી ડિસેમ્બરે રાષ્ટ્રીય ગ્રાહક સુરક્ષા દિન નિમિત્તે અનેક શાળા મહાશાળામાં વિવિધ કાર્યક્રમો દ્વારા ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમ હેઠળ વિદ્યાર્થીઓમાં ગ્રાહક સુરક્ષા અંગે વિસ્તૃત માહિતી-માર્ગદર્શન મળે અને ગ્રાહકોના અધિકારો-હક્કો અને ફરજો અંગે વિદ્યાર્થીઓ વાકેફ બને તે હેતુસર પ્રાંતિજ તાલુકાની શેઠ એમ.કે. ઓરાણ ગ્રુપ મા. શાળા ખાતે જનજાગૃતિ અભિયાન હેતુસર વકતૃત્વ સ્પર્ધા યોજવામાં આવી હતી. આ સંદર્ભે શાળાના ૧૨ વિદ્યાર્થીઓએ રાષ્ટ્રીય ગ્રાહક સુરક્ષા અંગે સચોટ માહિતી માટે વકતૃત્વ સ્પર્ધા યોજવામાં આવી હતી. આ વકતૃત્વ સ્પર્ધામાં ગ્રાહક કોને કહેવાય, ગ્રાહકો સાથે અનેક છેતરપીંડી અને શોષણ, ગ્રાહકોને પ્રાપ્ત થતી ટપાલ, ટેલીફોન, વીમા કંપની, બેંક ક્ષેત્રે તબીબી સેવાઓ, વિમાની સેવાઓ, શૈક્ષણિક સંસ્થાઓમાં થતી અનેક પ્રકારની છેતરપીંડી અને શોષણ અંગે દૃષ્ટાંત સહિત રજૂઆત કરી હતી જયારે શાળાના આચાર્યશ્રી ડૉ. કે.એન. રાઠોડ સાહેબ શાળાના શિક્ષક શ્રી એમ.કે. પટેલ પોતાના વકતવ્યમાં ગ્રાહકો સાથેની છેતરપીંડી અન્યાય-શોષણ અંગે વિસ્તૃત માહિતી આપી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન શ્રી નટુભાઈ પટેલે કર્યું હતું. કાર્યક્રમના અંતમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહન ઈનામ રૂપે પેનો અર્પણ કરી હતી. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

હિંમતનગર સિવિલમાં ૧૦૮ દ્વારા દર્દીઓને ફુટ વિતરણ કરાયું

હિંમતનગર, તા. ૨૫

સાબરકાંઠા જિલ્લા ઈમરજન્સી સેવા ૧૦૮ની ટીમ દ્વારા ૨૫મી ડીસેમ્બરને નાતાલ નિમિત્તે હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ થયેલ દર્દીઓને તેમનું સ્વાસ્થ્ય ઝડપી સારું થાય અને આવનારું નવું વર્ષ ફળદાઈ,

આનંદમય અને સુખમય બને તેવી શુભેચ્છા સાથે ફળ, ફુટ અને બિસ્કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લાના ૧૦૮ વિભાગના સંદીપ ગઢવી, ઈએમટી વિપુલ પટેલ અને પાયલોટ ધર્મેન્દ્રસિંહ, કિરીટસિંહે હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૬૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮